સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) ની ઘટક કક્ષાની કચેરીઓના મકાન બાંધકામ માટેની ખર્ચ મર્યાદામાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૩/૩૨૭૨/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬-૦૩-૨૦૧૪

વંચાણે લીધા:

(૧) સરકારશ્રીનો મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૨/૪૨૬/બ તા. ૧૯-૪-૨૦૧૨.

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૩-૯-૨૦૧૩નો પત્ર ક્રમાંક: આઇસીડીએસ/સીડીપીઓ/બ્લોકઓફિસ/બાંધકામ/વહીવટીમંજુરી/સુધારો/૩૨૦૫૫/૨૦૧૩

ઠરાવ:

મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપર સંદર્ભ-૧માં દર્શાવેલ તા. ૧૯-૪-૨૦૧૨ના ઠરાવ થી સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) ની ઘટક કક્ષાની કચેરીઓના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે ઠરાવ મુજબ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧ સ્કવેર મીટરના રૂ.૧૫૦૦૦/- ની નિયત થયેલ કિંમત તેમજ તેના ૧૦% વિજળીકરણ તથા ૧૦% યુટીલીટી ચાર્જ ઉમેરતાં કુલ રૂ.૧૮૦૦૦/- ની ૧ સ્કવેર મીટરની કિંમત મુજબ ૫૦ ચો.મી માં એક ઘટક કક્ષાના મકાન માટે કુલ રૂ.૯.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાની જોગવાઇ થયેલ છે.ઉપર સંદર્ભ (૨) માં દર્શાવેલ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૧૩-૯-૨૦૧૩ ના પત્ર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) ની ઘટક કક્ષાની કચેરીઓના મકાન બાંધકામ માટે ઘટક દીઠ ૫૦ ચો. મી. ના ૯.૦૦ લાખ (નવ લાખ) ના બદલે ૨૦૦ ચો. મી. બાંધકામના રૂ.૩૮.૦૦ લાખ (અંકે રૂા. આડત્રીસ લાખ) (૧૦% વિજળીકરણ તથા ૧૦% યુટીલીટી ચાર્જ સહિત) મંજૂર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨/. પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) ની ઘટક કક્ષાની કચેરીઓના મકાન બાંધકામ માટે ઘટક દીઠ ૫૦ ચો. મી. ના ૯.૦૦ લાખના બદલે ૨૦૦ ચો. મી. બાંધકામના રૂ.૩૮.૦૦ લાખનો ખર્ચ (૧૦% વિજળીકરણ તથા ૧૦% યુટીલીટી ચાર્જ સહિત) કરવા માટે નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

C:\Users\admin.admin-PC\Desktop\Res.2014\TH NO 112013-3272-B.doc

(૧) આ મકાન ૨૦૦ ચો.મીટરમાં એક યુનીટનું બાંધકામ કરવાનુ રહેશે.

(૨) જેમાં સંકલિત બાળ યોજના અધિકારી વર્ગ-૨ ની ચેમ્બર, ડેટા એન્ટ્રી ઓપરેટર્સ, બ્લોક લેવલ કો-ઓર્ડિનેટર્સ, મદદનીશ કર્મચારીઓને બેસવાની રુમ, કમિટી રુમ તથા સંડાસ બાથરુમની સુવિધાનો સમાવેશ કરવાનો રહેશે.

(૩) આ કચેરીનુ બાંધકામ જમીન ઉપલબ્ધ ચોય તો તેમાં નવું બાંધકામ કરી અથવા એક્સ્ટેન્શન કરી અથવા તાલુકા પંચાયતના હયાત મકાનની ઉપર નવો માળ બનાવી નવેસરથી બાંધકામ કરી કરવાનું રહેશે.

(૪) ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુ/ખર્ચ કરવાનો હોય તો તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નીતિ નિયમોનુસાર કરવાનો રહેશે.

(૬) બાંધકામ યોજના માટે વિભાગે માર્ગ મકાન વિભાગના જે તે જીલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો સક્ષમ અધિકારીશ્રીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવી લેવાની રહેશે.

(૭) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા એક ચો. મીટરના રૂ.૧૯૦૦૦/- ની નિયત થયેલ કિંમત (૧૦% વિજળીકરણ તથા ૧૦% યુટીલીટી ચાર્જ સહિત) મુજબ ૨૦૦ ચો. મી. માં એક ઘટક કક્ષાના મકાન બાંધકામ માટે કુલ રૂ.૩૮.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૯) વિભાગે રજુ કરેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) પ્રસ્તુત કામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં આવેલ જોગવાઇઓ/સુચનાઓ તથા વખતો વખત ઉધોગ અને ખાણ વિભાગે કરેલા ઠરાવોને અનુસરવાનું રહેશે.

(૧૧) જે હેતુ માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે, તે હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે આ ફંડ વાપરી શકાશે નહિ તેમજ વર્ષાન્તે ફંડ ઉપલબ્ધ રહે તે નિયત સમય મર્યાદામાં પરત કરવાનું રહેશે.

(૧૨) આ ફંડનો ઉપયોગ નાણાં વિભાગના નાણાંકીય ઔચિત્યના નિયમો વિગેરેને ધ્યાને રાખી કરવાનો રહેશે.

(૧૩) નવા બાંધકામ/રીપેરીંગ/વધારો/ઘટાડો કયા કયા ઘટકોમાં કરવાનો છે તથા કયા સ્થળોએ કરવાનો છે તે સુનિશ્ચિત કરી કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૪) આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવનાર કામની જથ્થાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્ર:૧૦૬-મુખ્ય સદર-૪૨૩૬ પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-પેટા સદર-૦૪-બ્લોક ઓફીસનું બાંધકામ, રીપેરીંગ તથા આંધુનિકરણ, હેઠળ થયેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે અને તેજ સદરે ખર્ચ ઉધારવાનો રહેશે..

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪/૩/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.વી. પીઠવા)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,
–માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
–માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
– અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (મ.અને બા.વિ.વિ.)ના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
--કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
–નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ર્ડા.જીવરાજ મહેતાભવન,ગાંધીનગર.
-વિભાગ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓ
-એ.જી.અમદાવાદ/રાજકોટ
-નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
-સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા) મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવલાય, ગાંધીનગર
–સિલેકટ ફાઈલ.

C:\Users\admin.admin-PC\Desktop\Res.2014\TH NO 112013-3272-B.doc